# સૂર્ય ઉર્જાથી ઝળહળતું અનોખુ ઈકોફ્રેન્ડલી ઘર

## ગાંધીનગરના જાણીતા પર્યાવરણ પ્રેમી ડો. અનીલ પટેલનું મકાન સ્વયં પાવર હાઉસ છે : જ્યાં સૂર્ય અને પવન ઉર્જાથી તમામ ઉપકરણો ચાલે છે



ગાંધીનગર, તા. ૫

જરાક વિચાર કરો કે ભરઉનાળે ભરબપોરે તમારા ઘરની વીજળી જતી રહે તો શુ હાલત થાય... વીજકાપ વિના સતત ૨૪ કલાક વીજપ્રવાહ મેળવતા ગાંધીનગર વાસીઓ આવી કલ્પના કરતા જ ધ્રુજી ઉઠે છે. વીજળીનું મહત્વ સમજતા ગાંધીનગરના જાણીતા પર્યાવરણપ્રેમી ડૉ. અનીલભાઈ પટેલે પોતાનું ઘર એવુ બનાવ્યું છે જ્યાં સૌર ઉર્જા અને પવન ઉર્જાથી તમામ વીજ ઉપકરણો ચાલે છે. વારંવાર લાઈટ ડુલ થઈ જતી હોય તેવા વિસ્તારો માટે ડૉ. અનિલભાઈનું મકાન પ્રેરણારૂપ બની શકે છે.

વીજ ઉત્પાદનમાં થતો ખર્ચ બચાવવા અને ૨૪ કલાક બિન અંતરાયરૂપ વીજળી મેળવવા માટે ડૉ. અનીલ પટેલે ધોળેશ્વર મહાદેવ પાસે નદી કિનારે પ્લોટ લઈ સુંદર ઘરનું નિર્માણ કર્યુ છે. તેમણે આખા ઘરમાં સૂર્ય ઊર્જા અને પવન ઉર્જાથી વીજળી પેદા કરવાના સાધનો લગાડ્યા છે. તેમના ઘરની દૈનિક ૩ થી ૪ યુનિટ જેટલી વીજળીની જરૂરીયાત સામે તેમણે મકાનની છત પર ૭૫ વોટની ૮ સોલર પેનલ લગાવી છે. જેમાંથી પ્રતિ કલાકે ૬૦૦ વોટ એટલે કે ૭ યુનિટ જેટલી વીજળી મળી છે. જે અનિલભાઈના મકાન માટે પુરતી છે. વળી તેમણે ઘરમાં જે વીજ ઉપકરણો લગાવ્યા છે તે એનર્જી એફીસીયન્ટ છે. આખા ઘરમાં ક્યાંય ટ્યુબલાઈટ નથી. માત્ર ૧૦ વોટ કરતા પણ ઓછી વીજળીથી ચાલતી એલઈડી લાઈટ તેમણે ઘરના તમામ રૂમોમાં લગાવી છે. પંખા પણ એનર્જી એફિસીયન્ટ છે.

ડૉ. અનીલભાઈ પટેલે પોતાના ધોળેશ્વર મહાદેવ સ્થિત મકાનની છત પર ૭૫ વોટની ૮ સોલર પેનલ લગાવી છે. જેમાંથી પ્રતિકલાક ૬૦૦ વોટ વીજળી મળે છે. આમ દિવસ દરમ્યાન તેઓને માત્ર સૂર્ય ઉર્જાથી ૭ યુનિટ વીજળી મળે છે. જે તેમના ઘરની જરૂરીયાત માટે પુરતી છે. આ ઉપરાંત દિવસ દરમ્યાન ચાર્જ થયેલી બેટરીથી રાત્રે પણ પંખા, ટ્યુબલાઈટ જેવા ઉપકરણો ચલાવી શકાય છે. કુદરતી સ્ત્રોતો મહત્તમ ઉપયોગ કરવામાં માનતા અનીલભાઈએ પવન ઉર્જાના ઉપયોગ માટે ૧૦૦ વોટની ક્ષમતાવાળી એક પવનચક્કી મકાનની છત પર લગાવી છે. જે આખા દિવસમાં ૨ યુનિટ વીજળી આપે છે. આ ઉર્જાનો ઉપયોગ કરવા તેઓએ ૧૨ વોલ્ટથી ચાલતી અલગ લાઈન અને પ્લગ લગાવ્યા છે. જે એક રીઝર્વ પાવર હાઉસ તરીકે કાર્યરત રહે છે. સરકારે ગાંધીનગરને સોલર સીટી તરીકે જાહેર કર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્ટ્રીટલાઈટની જાળવણીનું કામ હવે ટોરેન્ટ પાવર નહિ કરે

## વીજ ઉત્પાદન અને સપ્લાટનું કાર્યભારણ વધતા જાળવણીની જવાબદારી છોડી દેવા નોટીસ પિરિયડ મુજબ સરકારને દરખાસ્ત કરી : આગામી વર્ષમાં કોર્પોરેશન કે વિદ્યુત વિભાગના શિરે આ જવાબદારી થોપાય તેવી સંભાવના

ગાંધીનગર,તા.૫

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી સંભાળવામાં હવે ટોરેન્ટ પાવરને રસ રહ્યો નથી. આ મામલે ટોરેન્ટ કંપની દ્વારા માર્ગ મકાન વિભાગને છ મહિનાનો નોટીસ પીરીયડ ધ્યાને લઈ જાણ પણ કરી દેવામાં આવી છે. શહેરમાં હાલ સ્ટ્રીટ લાઈટના ૨૦ હજાર જેટલા પોલ્સની જાળવણીનું કામ ટોરેન્ટ પાવર સંભાળે છે. જયારે આ અન્વયે વિદ્યુત વિભાગ દ્વારા માત્ર જાળવણીની જવાબદારી માટે ટોરેન્ટને રૂ.૧૦.૪૦ લાખ ચુકવવામાં આવે છે. વધુમાં સ્ટ્રીટ લાઈટના બિલ પેટે પણ વાર્ષિક અઢીથી ત્રણ કરોડનો ખર્ચ થાય છે. ટોરેન્ટ પાવર હાલમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને આગ્રામાં વીજ પુરવઠો સપ્લાય કરવાની અને વીજ ઉત્પાદનની કામગીરી તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે ત્યારે સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે હવે આગમી દિવસોમાં વિદ્યુત વિભાગ કે કોર્પોરેશને મામલો સંભાળવો પડે તેવી સંભાવના છે.

ટોરેન્ટ પાવર દ્વારા વીજ ઉત્પાદન અને વીજ સપ્લાયની કામગીરી તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જેના પરિણામે શહેરોમાં સ્ટ્રીટ લાઈટ સહિતની મેઈન્ટેનન્સની જવાબદારી સંભાળવામાં કંપનીને વધુ રસ રહ્યો નથી. અમદાવાદમાં પણ ટોરેન્ટ પાવરે સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ છોડી દેતા હાલ આ જવાબદારી કોર્પોરેશનના સિરે છે. અમદાવાદ શહેરમાં પણ ૧.૨૦ લાખ જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ અસ્તિત્વ ધરાવે છે. જયારે હવે ગાંધીનગરમાં પણ સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ છોડી દેવા ટોરેન્ટ પાવરે તૈયારી દર્શાવી છે. કંપની દ્વારા આ અંગે છ મહિનાના નોટીસ પીરીયડને ધ્યાને લઈ સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ સરકારને સંભાળી લેવા દરખાસ્ત કરવામાં આવી છે. ગાંધીનગર શહેરના સે-૧ થી ૩૦ અને સમાવિષ્ટ ૭ ગામોમાં કુલ સ્ટ્રીટ લાઈટના ૨૦ હજાર જેટલા થાંભલાઓ છે. જયારે સેક્ટરની શેરીઓમાં અજવાળું પાથરવા વિદ્યુત વિભાગ કક્ષાએથી સ્ટ્રીટ લાઈટના -ત્યેક પોલ દીઠ માસિક રૂ.૫૨ ચુકવવામાં આવે છે. જેમાં માત્ર જાળવણીનો ખર્ચ જ થાય છે. અલબત્ત -તિ માસ સ્ટ્રીટ લાઈટની નિભાવણી માટે -તિ માસ ૧૦.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવે છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના બિલ અન્વયે વાર્ષિક રૂપિયા અઢીથી ત્રણ કરોડનો ખર્ચ થાય છે. ટોરેન્ટ પાવર ગુજરાત સહીત બહારના રાજયોમાં પણ વીજ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઘરફોડ ચોરી અટકાવવા પોલીસ સુરક્ષાનું તાળુ લગાવશે

## તાળુ તોડવાનો પ્રયત્ન પણ થશે તો તરત જ સાયરન વાગી ઉઠશે : સુરક્ષા સેતુ અંતર્ગત તાળાનું વેચાણ ૩૦ ટકા રાહતદર સાથે કરાશે



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં વધતા ઘરફોડ ચોરીના ગુનાઓ અટકાવવા માટે જીલ્લા પોલીસ તંત્ર દ્વારા એક નવતર -યોગ હાથ ધર્યો છે. જેના આધારે બંધ મકાનમાં -વેશવા માટે કોઈ પણ જાણભેદુ કે ઘરફોડીયાઓ તાળું તોડવાનો -યાસ સુદ્ધા પણ કરશે તો સાયરન રણકી ઉઠશે. સુરક્ષા સેતુ અંતર્ગત હાથ ધરાયેલા આ નવતર -યોગ અન્વયે નવીન -કારના તાળાનું પોલીસ જ વેચાણ કરશે. અને આ તાળાની કિંમત પૈકી માત્ર ૭૦ ટકા રકમ જ રહીશો પાસેથી વસુલવામાં આવશે જયારે સલામતીના ભાગરૂપે ૩૦ ટકા ખર્ચ સુરક્ષા સેતુની ગ્રાન્ટ માંથી ફાળવવામાં આવશે.

ભૌગોલિક દ્રષ્ટિએ તસ્કરો માટે વધુ ફેવરેબલ બનેલા ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીનું -માણ દિન-તિદિન વધી રહ્યું છે. તહેવારો ઉપરાંત આડા દિવસે પણ સેક્ટરોમાં તસ્કરો તક મળતા જ હાથફેરો કરી લે છે. આ દરમિયાન સેક્ટરોમાં બંધ મકાનોને તસ્કર ટોળકી વિશેષરૂપે ટાર્ગેટ બનાવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાંમાં ગરમીથી વધુ બેના મોત

અમદાવાદ, તા.૫

અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો કાળોકેર જારી રહ્યો છે. આજે ગરમીના કારણે વધુ બે લોકોના મોત થયા હતા. છેલ્લા ૪૮ કલાકમાં ચાર લોકોના મોત થઈ ચુક્યા છે. અમદાવાદમાં તાપમાન સતત વધતા મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. અમદાવાદના જશોદાનગરની જુની વસાહતમાં રહેતા મહિલાનું મોત થયું હતું જ્યારે મણિનગર ગુરુદ્વારા પાસે પણ હિટસ્ટ્રોકના કારણે એકનું મોત થયું હતું. છેલ્લા ૪૮ કલાકમાં ચારના મોતથી સનસનાટી મચી ગઈ છે. ૧૨ લોકોની હાલત ચિંતાજનક બનેલી છે.

## માધવસિંહ સોલંકી અસ્વસ્થ થતા સિવિલ ખાતે ખસેડાયા

અમદાવાદ, તા.૦૫

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને તત્કાલીન કેન્દ્રિય વિદેશમંત્રી માધવસિંહ સોલંકીને આજે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તેમને શારીરિક અશક્તિને કારણે આજે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી શંકર ચૌધરી તેમના ખબર અંતર પુછવા હોસ્પિટલ ગયા હતા અને હોસ્પિટલના સત્તાવાળાઓએ માધવસિંહ સોલંકીની પુરતી કાળજી લેવા તાકીદ કરી હતી.



આ અગાઉ પણ જયારે માધવસિંહ સોલંકીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ખુદ તેમની ખબર પુછવા ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદી અગાઉ ગુજરાતમાં લાંબા સમય સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપવાનો રેકર્ડ માધવસિંહ સોલંકી ધરાવતા હતા છતાં ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી ૧૫૦ બેઠકો જીતવાનો માધવસિંહ સોલંકીનો રેકર્ડ હજુ સુધી કોઈ તોડી શક્યું નથી.



વિશ્વ પર્યાવરણ દિવસ - ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે વૃક્ષારોપણ કર્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિજ્ઞાનના અવનવા પ્રયોગોની તાલીમ લેતા નગરના વિદ્યાર્થીઓએ ગુરૂવારે સામુહિક વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીની દિશામાં સચોટ કદમ ઉઠાવ્યું હતું.

# શહેરની સરકારી શાળાઓમાં દીવા તળે અંધારું

## ધો.૧૦માં પાંચ સરકારી શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચું : બે સરકારી શાળાઓનું પરિણામ તો ૧૦ ટકા સુધી પણ નહિ : પરિણામ સુધારણા માટે ખુલતા વેકેશને જ શાળાઓના આચાર્યો અને શિક્ષકો સાથે ડીઈઓની બેઠક

ગાંધીનગર,તા.૫

ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં જીલ્લાની ૨૮ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી ઓછુ આવ્યું છે. જેમાં શહેરની ત્રણ સરકારી શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચું અને બે સરકારી શાળાઓનું પરિણામ ૧૦ ટકાથી પણ નીચું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સે-૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલય અને સે-૨૨ આર્ય ભટ્ટ શાળામાં પરિણામનું સ્તર સાવ ખાડે ગયું છે. સરકારી શાળાઓમાં પરિણામ સુધારણાને અનુલક્ષી સપ્તાહના અંતમાં શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે જીલ્લા શિક્ષણાધિકારીની બેઠક પણ યોજવામાં આવશે.

ધોરણ-૧૦ માં આ વખતે એકંદરે બોર્ડનું પરિણામ પણ ઓછુ આવ્યું છે. પરંતુ સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં જીલ્લાની સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર નીચું ઉતરતું જતું હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. ધોરણ-૧૦માં જીલ્લાની ૨૮ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચું રહ્યું છે. જયારે આ પૈકી શહેરની પાંચ સરકારી શાળાઓમાં પણ પરિણામની ટકાવારી ખાડે ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે.શહેરની સે-૧૬ સ્થિત મહાત્મા ગાંધી વિદ્યાલય તેમજ સે-૨૨ ની આર્ય ભટ્ટ શાળાનું પરિણામ ૧૦ ટકાથી પણ નીચે હોવાનું -કાશમાં આવ્યું છે. આ ઉપરાંત સે-૧૨ સ્વામી વિવેકાનંદ, સે-૨૭ મહારાણા -તાપ વિદ્યાલય અને સે-૭ સરદાર પટેલ હાઈસ્કુલમાં પણ ધો-૧૦ નું પરિણામ ૩૦ ટકાથી પણ નીચે હોવાનું સ્પષ્ટ થયું છે. જીલ્લાની માત્ર બે સરકારી શાળાનું પરિણામ ૩૦ ટકાથી વધુ રહ્યું છે. જેમાં ઈસનપુર ડોડીયાનું ૫૦ ટકા અને પાલજ સ્કૂલનું ૩૧ ટકા પરિણામ આવ્યું છે. સરકારી શાળાઓમાં -તિ વર્ષ પરિણામનું સ્તર નીચે જતા શિક્ષણ વિભાગમાં પણ ઘેરી ચિંતા -વર્તી છે. સરકારી શાળાઓનું પરિણામ ચું લાવવા તંત્ર દ્વારા શાળાના સમય ઉપરાંત વધારાના શૈક્ષણિક કાર્યનું આયોજન પણ કરવામાં આવે છે. જેમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આમ છતાં બોર્ડ પરીક્ષાના પરિણામોને અંતે નગરની સરકારી શાળાઓમાં દીવા તળે અંધારું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સરકારી શાળાઓમાં પરિણામનું સ્તર ચું લાવવા અને શિક્ષણની ગુણવત્તા સુધારવા ખુલતા વેકેશન દરમિયાન શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા એક ખાસ બેઠક યોજવામાં આવશે. જેમાં સરકારી શાળાઓમાં પરિણામનું સ્તર સુધારવા શું-શું કરી શકાય તે અંગે સઘન વિચારણા અને આયોજન હાથ ધરાશે.

# જિલ્લા પંચાયતના અડધો અડધ ફોન મૂંગા મંતર થઈ પડયા છે!!

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૫૦ ટકા જેટલા ફોન મૂંગા થઈ ગયા છે.

જિલ્લા પંચાયતના ટાટા ટેલિકોમના ફોનનો કેબલ કપાઈ જવાથી ફોન મૂંગા થઈ ગયા હોવાથી તેમજ તંત્રના અધિકારીઓ પણ સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત થઈ ગયા હોવાથી જી-સ્વાન દ્વારા પણ આ ફરિયાદને ધ્યાને લેવાતી નથી.

એક સપ્તાહથી પણ વધુ સમયથી જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓના ૧૫થી વધુ ફોન મૂંગા પડયા છે તેમજ અધિકારીઓ પણ હવે મોબાઈલ ફોન પર જ કર્મચારીઓને જરુરી સૂચનાઓ આપી કામ ચલાવી રહ્યા છે.

ગાંધીનગરમાં લોકલ એરિયા નેટવર્કની ફરિયાદો છેલ્લા ઘણા સમયથી વધી જવા પામી છે. થોડા સમય પહેલાં ગાંધીનગર મેડીકલ કોલેજના નવા બાંધકામના નિર્ણયને લઈ સિવીલના ફોન બંધ થઈ જવાની વારંવારની ફરિયાદો અખબારના પાને ચમકતી રહી છે. હવે પંચાયતના ટેલિફોન મૂંગા થઈ જવા પામ્યા છે.

ગાંધીનગરની અન્ય કચેરીઓમાં પણ જીસ્વાનની કનેકટીવીટીને લઈ ફરિયાદોનું પ્રમાણ વધ્યુ છે પણ તંત્ર જાણે કંઈ જ બનતું નથી અને બધું બરાબર ચાલી રહ્યાનો દેખાડો કરવામાં સફળ થઈ રહ્યું છે. ગ્રામીણ પ્રજા અધિકારીઓ કે કચેરીનો સંપર્ક કરી શકતી નથી.

પંચાયતનું માળખુ અગત્યનું હોવા છતાં ફરિયાદ નિવારણ માટે કરવામાં આવતા ઠાગા ઠૈયા એ આજે કર્મચારી આલમમાં ભારે ચર્ચાનો મુદ્દો બન્યા હતા.

# ૨૦૧૭થી ધો-૯-૧૨ના અભ્યાસક્રમો બદલાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અભ્યાસક્રમ સમિતીની બેઠક આજે ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં આગામી જૂન-૨૦૧૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધોરણ-૯ થી ૧૨નાં અભ્યાસક્રમને બદલવા માટે મંજુરી આપવામાં આવી છે.

**વિષયવાર અભ્યાસક્રમ તૈયાર કરાશે**

નવો અભ્યાસક્રમ શરૂ કરવા માટે વિષયવાર તજજ્ઞોની સમિતીઓ બનાવવામાં આવી છે. આ તજજ્ઞોની ટીમ અભ્યાસક્રમ તૈયાર કરીને પ્રાયોગિક ધોરણે અમુક શાળાઓમાં દાખલ કરશે જેની ચકાસણી બાદ જરૂરી સુધારા વધારા કરીને જુન-૨૦૧૭થી નવો અભ્યાસક્રમ અમલી બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ચાલુ શૈક્ષણિક સત્રથી ધોરણ-૧ થી ૫માં નવો અભ્યાસક્રમ અમલી બનાવાયો છે.

## જાહેર નિવિદા

### તલોદ નગરપાલિકા

તલોદ નગરપાલિકામાં વિવિધ શાખામાં આવેલ વાહનો / સાધનો તેમજ અન્ય ભંગારનો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય જાહેર નિવિદા પ્રસિદ્ધ થયેથી ક્રમ (૧) થી (૫) આઈટમની કોરી ટેન્ડર કોપી તા. ૭-૬-૨૦૧૪ સુધી મેળવી શકાશે. ક્રમ (૧) થી (૫) ભરેલી ટેન્ડર કોપી તથા ક્રમ (૬) થી (૮) આઈટમના ભાવો ચીફ ઓફીસર શ્રી, તલોદ નગરપાલિકા, તલોદ-૩૮૩૨૧૫, જિ. સાબરકાંઠાને ૧૦/૬/૨૦૧૪ સુધીમાં માત્ર રજીસ્ટર એ.ડી. દ્વારા મોકલી આપવાના રહેશે. આવેલ ટેન્ડર અન્વયે અબાધિત અધિકાર તલોદ નગરપાલિકાનો રહેશે. આ બાબતે વધુ માહિતી કચેરી સમય દરમિયાન નગરપાલિકાનો સંપર્ક કરી શકાશે.

| | |
|---|---|
| ૧. સેનીટેશન વિભાગમાં આવેલ ટ્રેક્ટર-૨, રીક્ષા-૨, ટ્રેલર-૧ | ૨. મોટી કચરા પેટીઓ તથા ડસ્ટ બિન જુનું કન્ટેનર, ટ્રેક્ટરનો જુનો પાવડો |
| ૩. જંતુનાશક દવાના ખાલી કેરબા તથા અન્ય લોખંડનો ભંગાર | ૪. લાઈટ વિભાગનો ભંગાર માલસામાનનો ભાવ |
| ૫. લાયબ્રેરી વિભાગનો પસ્તીનો નિકાલ કરવાનો ભાવ. | ૬ રોડ સ્વીપર તથા ગલીએમ્પ્ટીયર ભાવ |
| ૭. જે.સી.બી. માટે નાની સાઈઝનું બકેટ ખરીદવાના ભાવ | ૮. બજાર રોડની સાઈડોની માટી ઉતારવાના ભાવ. |

જા.નં : નપા/હરાજી/૪૪૮/૨૦૧૪ — ચીફ ઓફિસર
તા. ૪/૬/૨૦૧૪ — તલોદ નગરપાલિકા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com